| | | | | | |
|---|---|---|---|---|---|
| GJJN080011242024 | | કેસ પ્રાપ્તી તારીખ: | ૦૪/૦૯/૨૦૨૪ | | |
| | | કેસ દાખલ તારીખ: | ૦૪/૦૯/૨૦૨૪ | | |
| | | કેસ નિર્ણિત તારીખ: | ૩૧/૦૭/૨૦૨૬ | | |
| | | અવધિ: | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૧ | ૧૦ | ૨૭ |
| | | **આંક:-** | **૨૦** | | |

**:: નમુનો – અ ::**

| **કેશોદના મહે. એડિશ્નલ સિનિયર સિવિલ જજ અને એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની અદાલત સમક્ષ, મુકામ : કેશોદ, જૂનાગઢ.** | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | **:-** | ૩૧/૦૭/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | **:-** | **<u>૬૪૯/૨૦૨૪</u>** |
| **પોલીસ સ્ટેશન/ એફ.આઈ.આર.નં** | **:-** | કેશોદ પો. સ્ટે. ગુના રજી.નં. ૧૧૨૦૩૦૩૦૨૪૦૪૦૪/૨૦૨૪ |
| **ગુનો** | **:-** | પ્રોહી. એકટની કલમ-૬૫ એફ મુજબ. |
| **ફરિયાદી** | **:-** | શ્રી સરકાર |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | **:-** | **એમ. એલ. સૈયદ** |
| **આરોપીનું નામ** | **:-** | **હસમુખ ઉર્ફે હરસુખ બચુભાઈ બાબરિયા,** ઉ.વ.૫૫, રહે. અજાબ દરબાર પાટી ચોક, તા. કેશોદ, જી. જુનાગઢ |
| **આરોપી તરફે વિ.વકીલ શ્રી** | **:-** | **જી. યુ. રાઠોડ** |

**:: નમુનો – બ ::**

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | **:-** | ૧૧/૦૬/૨૦૨૪ |
| **આખરી અહેવાલની તારીખ** | **:-** | ૦૩/૦૮/૨૦૨૪ |
| **તહોમતનામાં/ પ્લી ઘડયાની તારીખ** | **:-** | ૦૪/૦૯/૨૦૨૪ |
| **પુરાવો શરૂ થયાની તારીખ** | **:-** | ૧૫/૧૨/૨૦૨૫ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | **:-** | ૧૦/૦૭/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | **:-** | ૩૧/૦૭/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | **:-** | - - |

**:: આરોપીની વિગત ::**

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ભા. ના. સુ. સં.ની કલમ–૪૬૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | હસમુખ ઉર્ફે હરસુખ બચુભાઈ બાબરિયા | ૧૧/૬/૨૪ | ૧૧/૬/૨૪ | ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ – ૬૫ એફ મુજબ. | નિર્દોષ | –– | – – |

**(નમુનો :–ક)**

**ફરિયાદપક્ષે/બચાવપક્ષે/ન્યાયાલયના સાક્ષીની યાદી**

**(અ–૧) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :–**

| અનુ.નં. | પ્રોસીકયુશન વીટનેશ નંબર | આંક | જુબાની આપનાર સાહેદના નામ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૯ | કરીમભાઈ જમાલભાઈ જેઠવા | પંચ સાહેદ |
| ૨ | ૨ | ૧૧ | જીતેન્દ્ર મધુકાંત દવે | પંચ સાહેદ |
| ૩ | ૩ | ૧૫ | ભાયાભાઈ મેરામણ ભાઈ કરમટા | ફરીયાદી |
| ૪ | ૪ | ૧૭ | શબ્બીરભાઈ ઉમરભાઈ દલ | ત.ક.અમલદાર |

**ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત**

**(અ–૨)ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :–**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | રેઈડ કર્યાનું પંચનામું |
| ૨ | ૧૬ | ફરીયાદ |

| | | |
|---|---|---|
| ૩ | ૧૮ | તપાસનો હુકમ |
| ૪ | ૧૯ | એફએસએલ અભિપ્રાય |

**-:: ચુકાદો ::-**

**ફરિયાદપક્ષે ટૂંકમાં હકીકત તથા પોલીસ કાર્યવાહી :-**

**(૧)....**આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૧-૬-૨૦૨૪ ના રોજ કલાક-૭/૪૫ વાગ્યે અજાબ ગામે દરબાર પાટી ચોકમાં પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાને ગેરકાયદેસર રીતે દેશી પીવાનો દારૂ બનાવવાનો આથો ભરેલ પ્લાસ્ટીકની ડોલો નંગ-૪ જે આથો લીટર-૪૦ કિ.રૂા. ૮૦/- નો પ્રોહી મુદામાલ રાખી રેઈડ દરમિયાન હાજર મળી આવી પકડાઈ જઈ, ગુનો કરેલાનું તપાસ દરમ્યાન પડેલ પુરાવા પરથી પુરવાર થતા ફરિયાદીએ આ મતલબની ફરિયાદ કેશોદ પોલીસ સ્ટેશનમાં આપેલ. ત.ક.અ.શ્રીએ તપાસનાં અંતે ગુના અંગે આરોપીની અટક કરી કોર્ટમાં રજૂ કરતા આરોપીને જામીન ઉપરમુકત કરવામાં આવેલ છે અને ત.ક.અધિ.એ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા આખરી અહેવાલ દાખલ કરેલ.

**ગુનાનું સંજ્ઞાન તથા તહોમતનામું :-**

**(૨)....**મારા વિધ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપી વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ-૬૫ એફ મુજબનાં ગુના અંગે કોગ્નીઝન્સ લઈ સમન્સ કાઢવા હુકમ કરેલ. **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રિમીનલ મીસે.એપ્લી.નં.૮૮૯૨/૨૦૧૮, જયંતીભાઈ મકનભાઈ ડામોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તથા તેમા ફરમાવેલ આદેશ અનુસાર** આરોપી ન્યાયાલય સમક્ષ ઉપસ્થિત થતા આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આંક-૦૩ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, આંક-૦૪ થી આરોપીનો ગુનાની કબુલાત અંગે જવાબ નોંધવામાં આવેલ. આરોપીએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરતાં આરોપી વિરૂધ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો :-**

**(૩)....**ઉપરોકત **નમુના 'ક'** માં જણાવ્યા છે તેથી પુન:ઉકિત કરેલી નથી.

**વિશેષ નિવેદન :-**

**(૪)....**સદર કામે ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધતા તમામ સવાલોના જવાબ નકરામાં આપી

વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે તેઓને છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**દલીલો :–**

**(૫)....**ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદપક્ષે આરોપી તરફે નો કેસ શંકા રહિત પુરવાર કરેલ હોય તેને સખત સજા કરવા અરજ કરેલ તથા આરોપી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ.

**મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણય:–**

**(૬)....**સદર કામે રજૂ થયેલ પુરાવા, કેસની હકીકત, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

**<u>::– મુદ્દાઓ –::</u>**

**૧)....**શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૧–૬–૨૦૨૪ ના રોજ કલાક–૭/૪૫ વાગ્યે અજાબ ગામે દરબાર પાટી ચોકમાં પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાને ગેરકાયદેસર રીતે દેશી પીવાનો દારૂ બનાવવાનો આથો ભરેલ પ્લાસ્ટીકની ડોલો નંગ–૪ જે આથો લીટર–૪૦ કિ.રૂા. ૮૦/– નો પ્રોહી મુદામાલ રાખી રેઈડ દરમિયાન હાજર મળી આવી પકડાઈ જઈ, ગુજરાત નશાબંધી અધિનિમય, ૧૯૪૯ ની કલમ– ૬૫ એફ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**૨)....**શું હુકમ ?

**(૭)....**ઉપરોકત મુદ્દા પરત્વે મારો નિર્ણય નીચે મુજબ આપુ છું.

**(૧)....નકારમાં**

**(૨)....**આખરી હુકમ મુજબ....

**(૭.૧)....કેસમાં રજૂ થયેલ પુરાવા અંગે પ્રાથમિક ચર્ચા :–**

કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પ્રત્યેક કેસનો નિર્ણય કરતી વખતે જે તે કેસના વિશિષ્ટ સંજોગો તથા તેને લગતા આનુસાંગીક કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત તથા કાયદાની જોગવાઈઓ ધ્યાનમાં રાખવી ખુબ જ આવશ્યક છે. આમ, કેસનો નિર્ણય કરતી વખતે અદાલતે એ જોવાનું રહે છે કે, શું ફરિયાદપક્ષ પોતાનો કેસ રેકર્ડ ઉપરના પુરાવા ઉપર આરોપી વિરૂધ્ધ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરી શકેલ છે કે કેમ ? અને તે માટે ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઈઓ ધ્યાને રાખવી ખુબ જ

આવશ્યક છે.

**(૭.૨)....**ફરિયાદ પક્ષે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ વ્યાજબી વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવાનો રહે છે. જયારે આરોપીએ સંભવિતતા ના સિધ્ધાંત ઉપર પોતાનો બચાવ રજૂ કરવાનો રહે છે. આ ફોજદારી કેસોમાં જે પાયાનો સિધ્ધાંત છે તે ધ્યાને રાખવો જરૂરી છે.

**<u>મુદ્દા નં. ૧,૨</u> :-**

**(૮)....**ફરિયાદ પક્ષ તરફે આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતો પુરવાર કરવા માટે સૌપ્રથમ આંક-૧૫ થી ફરીયાદી ભાયાભાઈ મેરામણભાઈ કરમટાનાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તા. ૧૧/૬/૨૪ ના રોજ તેઓ પો.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેઓ તથા પો.હેડ.કો. એસ.યુ.દલ કેશોદ વિલેજ બી બીટ વિસ્તારમાં ખાનગી વાહનમા પેટ્રોલીંગમા હતા ત્યારે અજાબ ગામે દરબાર પાટી આવતા બાતમી મળેલ કે દરબાર ગામે પાટી ચોકમા રહેતો હરસુખ બચુભાઈ બાબરીયા પોતાના મકાને દેશી પીવાનો દારુ બનાવે છે જેથી બે પંચોને બોલાવી સમજ કરી પંચો સાથે બાતમી વાળા મકાને તપાસ કરતા મકાન ખુલ્લુ હોય અને ત્યાં એક ઈસમ હાજર હોય જેનુ પંચો રુબરુ નામ પુછતા પોતે પોતાનુ નામ હસમુખ ઉર્ફે હરસુખ બચુભાઈ બાબરીયા હોય જેને સાથે રાખી મકાનની જડતી કરતા એક રુમમા ગાયો બાંધેલી હોય અને ગાયોની ગમાણના પાછળના ભાગે નવેરી આવેલ હોય ત્યાં મકાનની દીવાલના ભાગે ચાર પ્લા. ની ડોલો પીળા કલરનું પ્રવાહી ભરેલ હોય જે પીળુ પ્રવાહી પંચોની હાજરી મા સુંધી સુંઘાળી જોતા દેશી દારુ બનાવવાના આથાની વાસ આવતી હોય જેમાથી થોડો આથો એક બોટલમા સેમ્પલ ચકાસણી અર્થે ભરી ચાર ડોલો માનો કુલ આથો લી. ૪૦ કી.રૂા. ૮૦ નો સ્થળ પર ઢોળીને નાશ કરેલ જે અંગેનુ પંચનામુ કલાક ૭-૧૫ થી ૭-૪૫ નુ કરવામાં આવેલ, સદરહુ બનાવની તેઓએ પોલીસ ફરીયાદ આપેલ. તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ હોય જે આંક-૧૬ થી રજૂ છે.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, બનાવ વાળી જગ્યા રહેણાંક વિસ્તાર છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, આજુબાજુ ઘણા મકાનો આવેલા છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, રેઈડ સમયે કયા ખાનગી વાહનમા ગયેલા તેના નંબર તથા પ્રકાર ફરીયાદ મા જણાવેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવવાળા મકાનના રેવન્યુ આધાર આ કામે કબજે કરેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, પંચોને કોણે બોલાવેલ તેની હકીકત ફરીયાદમાં જણાવેલ નથી.

**(૯)....**ફરિયાદપક્ષે આંક-૧૭ થી ત. ક. અમલદાર શબ્બીરભાઈ ઉમરભાઈ દલનાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તા. ૧૧/૬/૨૪ ના રોજ પી. એસ. ઓ. એમ. ઓ. સીડાએ તેઓને ગુ. ર. નં. ૧૧૨૦૩૦૩૦૨૪૦૪૦૪ પ્રોહી કલમ ૬૫ એફ મુજબનો ગુનો રજી.કરી આગળની તપાસ તેઓને સોપેલ, જે તપાસનો હુકમ આંક-૧૮થી રજૂ છે. તેઓએ આ ગુનામાં ફરીયાદીશ્રી ભાયાભાઈ મેરામભાઈ કરમટાની ફરીયાદ સાથે રેઈડમાં હોય આરોપીના ઘરેથી દેશી પીવાનો દારુ બનાવવાનો આથો ડોલ નંગ-૪ લી.આશરે ૪૦ મળી આવેલ હોય જે અંગે પંચનામું કરી આરોપીને ધોરણસર અટક કરેલ અને મુદ્દત અંદર નામ.કોર્ટને હવાલે કરેલ તેમજ કબજે કરેલ મુદ્દામાલ એફએસએલ જુનાગઢ ખાતે મોકલેલ હતો,જે એફ એસ એલ અભિપ્રાય આંક-૧૯થી રજૂ છે. આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય જેથી ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, જે મકાને રેઈડ કરેલ ત્યા અન્ય રહેણાંક મકાનો આવેલા છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, રહેણાંક મકાન અંગેના કબજાનો કે માલીકીનો કોઈ આધાર પુરાવો રજૂ રાખેલ નથી.

**(૧૦)....**ત્યારબાદ ફરિયાદ પક્ષે રેઈડ કર્યા અંગેના મુદ્દામાલ કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ કરીમભાઈ જમાલભાઈ જેઠવાએ આંક-૯થી તથા પંચ સાહેદ જીતેન્દ્ર મધુકાંત દવેએ આંક-૧૧થી પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેમની પોલીસે કેશોદ પો. સ્ટે.માં બોલાવી સહી કરાવેલી, તેમની હાજરીમાં પોલીસે કોઈ ઈસમની કોઈ અટક કરેલી હોય કે કોઈ મુદામાલ કબજે કરેલ હોય તેની તેમને જાત માહીતી નથી. આંક-૧૦ વાળું મુદામાલ કબજે કર્યાનું પંચનામું બતાવવામાં આવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

સદરહું પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મોખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ત્યારબાદ ઉલટતપાસ પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં કોઈ ફરીયાદપક્ષને સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલ તે સિવાય તેઓ કશું જાણતા નથી. આમ, સદરહુ પંચ સાહેદો ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતી હકીકત જણાવેલ નથી. આમ, સદર પંચ સાહેદોની જુબાનીથી કોઈ ફળદાયક તથ્ય રેકોર્ડ પર આવી શકેલ નથી.

આ સંજોગોમાં **નામદાર ગુજરાત હાઈકોર્ટના જીવાભાઈ ટી. વસાવા વિ. સ્ટેટના ૨૦૦૪(૧)**

**જી.એલ.આર.૪૬૦ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,** None of the Panch Witnesses have supported the case of the prosecution and the contents of recovery panchnama have also not been proved by Investigation Officer. In such a situation, recovery panchanama cannot be read in evidence.

ફરી ગયેલ સાક્ષી માટેના. સુપ્રિમકોર્ટે સતપોલ વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ (AIR 1976 SC 294)માં પ્રસ્થાપિત કરેલ છે કે,ફરી ગયેલ સાક્ષીનો પુરાવો સંપૂર્ણ વ્યર્થ નથી.

વળી, ગુરાસીહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન(AIR 2001 SC 330) માં ના.સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કાર્યવાહીમાં જયારે સાક્ષીને ફરી ગયેલ જાહેર કરી ફરિયાદપક્ષ ધ્વારા પોતાના સાક્ષીની ઉલટતપાસ કરવામાં આવે ત્યારે સામાન્ય નિયમ તરીકે તેનો પુરાવો નકારવાનો નથી. અદાલત માટે એ ખુલ્લુ છે કે, દરેક કેસની હકિકત અનુસાર સદર ઉલટતપાસ અને વિરોધાભાસ સાક્ષીની વિશ્વસનિયતા ગુમાવે છે કે કોઈ બાબતે તેના પર આધાર રાખી શકાય છે કે કેમ?

અત્રેના કેસમાં ફરિયાદ પક્ષ ધ્વારા સદર પંચની ઉલટતપાસ કરવામાં આવેલ પરંતુ ફરિયાદ પક્ષ સદર કોઈ ફળદાયી વિગતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તે સંજોગોમાં સદર પંચોના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં, સદરહું મુદ્દામાલ મજકુર આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી પોલીસે કબ્જે કરેલ છે કે કેમ તે હકીકત ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ, આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી કોઈ દારૂ બનાવવાનો આથો કબ્જે કરવામાં આવેલ હોય તેવુ રેકર્ડ ઉપરથી પુરવાર થતુ નથી.

**આખરી તારણ :-**

**(૧૧)....**આમ, આ કામે ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો ફરિયાદપક્ષનો કેસ એવો છે કે, આ કામના આરોપીએ તા. ૧૧-૬-૨૦૨૪ ના રોજ કલાક-૭/૪૫ વાગ્યે અજાબ ગામે દરબાર પાટી ચોકમાં પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાને ગેરકાયદેસર રીતે દેશી પીવાનો દારૂ બનાવવાનો આથો ભરેલ પ્લાસ્ટીકની ડોલો નંગ-૪ જે આથો લીટર-૪૦ કિ.રૂા. ૮૦/- નો પ્રોહી મુદામાલ રાખી પકડાઈ જઈ ગુનો કરેલ હોવાનો આરોપ છે. સદર કામે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સ્વીકારેલ છે કે, બનાવ વાળો વિસ્તાર રહેણાંક વીસ્તાર છે, ત્યાં આજુ-બાજુમાં ઘણા મકાનો આવેલ છે. જેથી બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી શકે અને તેમનાં નિવેદનથી મુદ્દામાલ આરોપીનાં માલિકીનો હોય તે પુરવાર થઈ શકે પણ આરોપીનો મુદ્દામાલ સાથેનો સભાન કબ્જો સાબીત થઈ શકેલ નથી. વધુમાં ફરિયાદ પક્ષના કેસ મુજબ પ્રથમ

પંચનામુ કરવામાં આવેલ છે અને બાદમાં ફરિયાદ આપવામાં આવેલ છે જેથી સ્વાભાવિક છે કે, ફરિયાદ આપતી વખતે ફરિયાદીને કોણ કોણ પંચો સાથે હતા તેનો ખ્યાલ હોય તેમ છતાં ફરિયાદમાં પંચોના નામનો ઉલ્લેખ કરેલ નથી, તેમજ રેઈડ દરમ્યાન કયાં વાહનમાં ગયા તેના નંબર ફરિયાદમાં કે નિવેદનમાં લખાવેલ નથી. વધુમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. ત્યારે આરોપીના પ્રત્યક્ષ કબ્જાનો મુદ્દામાલ હોવા અંગે શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં રેઈડ વાળા સ્થળની માલિકી અંગેના કોઈ આધાર પુરાવા કે રેવન્યુ રેકર્ડ મેળવી રજૂ રાખેલ નથી. જેથી રેઈડવાળી જગ્યાની માલિકી આ કામના આરોપીની હોવાની હકીકત પુરવાર થતી નથી. આમ, ફરિયાદપક્ષનો પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે ફરિયાદપક્ષનાં પુરાવાને સ્વતંત્ર સાહેદોનાં પુરાવાનું સમર્થન હોવુ આવશ્યક છે, પરંતુ બનાવ વખતે રેઈડમાં સદર ફરિયાદી અને પોલીસ સાહેદો સાથે સ્વતંત્ર સાહેદ એવા પંચ સાહેદો હાજર હોવા છતાં સદરહુ પંચ સાહેદોએ ફરિયાદીની સોગંદ પરની જુબાનીને લેશમાત્ર સમર્થન આપેલ નથી તેવા સંજોગોમાં પંચોની હાજરીમાં ફરિયાદ હકીકત મુજબ મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ હોય તે હકીકતમાં વિશ્વસનીયતા જણાઈ આવતી નથી. વધુમાં આ કામે પૃથ્થકરણ અહેવાલ રજૂ કરેલ છે. પરંતુ સદર ગુનાના કામે કબ્જે કરવામાં આવેલ દેશી દારૂનો આથો આરોપી પાસેથી જ કબ્જે કરવામાં આવેલ હતો તે માટે ફરિયાદ પક્ષનો પુરાવો માની શકાય અને સ્વીકારી શકાય તેવો હોવો જોઈએ તથા મુદ્દામાલ સીલ કરવાની તથા પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ હોવાની કાર્યવાહી પુરવાર કરવી જોઈએ. પરંતુ, સદરહું કેસમાં રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા મુદ્દામાલ મળ્યા બાદ કરવામાં આવેલ પંચનામાની અને સીલિંગની કાર્યવાહી બાબતે શંકાસ્પદ પુરાવો રેકર્ડ પર આવેલ છે. આમ, બનાસ સમયે સ્થળ ઉપરથી ફરિયાદ પક્ષના કેસની હકીકત મુજબ મળી આવેલ મુદ્દામાલ ખરેખર દેશી દારૂ બનાવવાનો આથો આરોપીના પ્રત્યક્ષ કબ્જા ભોગવટામાંથી મળી આવેલ હોય તેવુ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

આમ, સમગ્ર હકીકત જોતાં હાલના આરોપીના સ્વતંત્ર કબજામાંથી મુદામાલ મળી આવેલ હોય તે હકીકત શંકાસ્પદ જણાય છે. વધુમાં બનાવ સ્થળ જાહેર વિસ્તાર છે અને ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઈ મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર ધ્વારા તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો રેકર્ડ કરવામા આવેલાનુ રેકર્ડ ઉપરથી જણાઈ આવતુ નથી પરંતુ આ કામના ફરિયાદી, પોલીસ સાહેદો તથા તપાસ કરનાર અમલદાર જે પોલીસ સ્ટાફના કર્મચારી છે તે સંજોગોમાં નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદા **"AZEEZ V/S. STATE OF KERALA 2013 (0) GLHEL- S.C. 52570"** માં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત મુજબ જયારે કેસ અન્ય સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય ત્યારે માત્ર

ફરિયાદી, પોલીસ સાહેદો તથા તપાસ કરનાર અમલદારની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૨)....**ઉપરોકત તમામ હકીકતો ધ્યાન લેતા, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પરે સાબીત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં.૧ ને નકારમાં નિર્ણીત કરી, મુદ્દા નં.ર પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

## –:: આ ખ રી હુ ક મ ::–

**(૧)....**આ કામના આરોપી **હસમુખ ઉર્ફે હરસુખ બચુભાઈ બાબરિયા,** ઉ.વ.૫૫, રહે. અજાબ દરબાર પાટી ચોક, તા. કેશોદ, જી. જુનાગઢવાળાને ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૬૫–એફ મુજબનાં ગુનામાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૭૧(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)....**આ કામે કબ્જે કરેલ પતા/દારુ/નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ અનુસાર નાશ કરવો. રોકડ/વેલ્યુએબલ મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવો. વાહન/ મોબાઈલનો વચગાળાનો હુકમ થયા હોય તો એ કાયમ રાખવો અને ના થયો હોય તો સંબંધિત પોલીસે માલિકીની ખરાઈ કરીને પરત આપવો.

**(૩)....**આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૪૮૧ અન્વયે અપીલ થયે અપીલનાં કામે હાજર રહેવા, સદર હુકમની તારીખથી છ માસનાં સમયગાળા માટે રૂપિયા ૫,૦૦૦ /–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજૂ કરવા.

**ચુકાદો આજરોજ તા.૩૧ મી, માહે: જુલાઈ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તા.૩૧–૦૭–૨૦૨૬
મુકામ : કેશોદ

**(તરૂણ મોહનદાસ શ્રીમાળી)**
અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
કેશોદ,
[GJ01306]

(જે. જી. ભેટારીયા)